રા.મ.ન.પા/ગાર્ડન/જા. નં.૮૩૨ તારીખ : ૧૫/૦૭/૨૦૨૬

વિષય : તા.૨૦/ ૦૭/૨૦૨૬ ના રોજ યોજાનાર જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ

સભ્યશ્રીનું નામ : શ્રીઅશ્વિનભાઈ પરસોતમભાઈ ભોરણીયા વોર્ડ નં. ૧૦

| પ્રશ્ન નં. | પેટા પ્રશ્ન નં. | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|---|
| ૧૫ | (૧) | નીચે દર્શાવેલ માહિતી નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ મુજબ આપવા વિનંતી<br><br>રાજકોટ કોર્પોરેશનમાં હાલમાં કેટલા બગીચા આવે છે બગીચામાં બાલક્રીડાંગણ માટેના સાધનોની વ્યવસ્થા છે કે કેમ, તથા બગીચાની સાફ સફાઈ કેટલા સમયાંતરે કરવામાં આવે છે તેમજ કેટલા બગીચામાં સિક્યુરીટીની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. કેટલા બગીચામાં કસરતના સાધનો નાખવામાં આવેલા. | રાજકોટ મહાનગરપાલિકામાં હાલમાં ૧૮૨ બગીચાઓ / ચિલ્ડ્રન પાર્ક / સીનીયર સીટીઝન પાર્ક આવેલા છે.<br><br>જે પૈકી ૧૨૪ બગીચાઓમાં બાલક્રીડાંગણની સુવિધા છે.<br><br>બગીચાની સાફ સફાઈ દરરોજ કરવામાં આવે છે.<br><br>૪૯ બગીચાઓમાં સિક્યુરીટી ગાર્ડ રાખવામાં આવેલ છે.<br><br>૧૦૩ બગીચાઓમાં કસરતના સાધનોની સુવિધા છે, |

શાખા: ગાર્ડન શાખા

શાખાધિકારીની સહી:

શાખાધિકારીનું નામ: ડૉ. બી.આર. જાકાસણીયા

હોદ્દો: ડાયરેક્ટર (પી&જી)

રા.મ.ન.પા/ગાર્ડન/જા. નં. ૮૩૪ તારીખ : ૧૫/૦૭/૨૦૨૬

વિષય : તા.૨૦/૦૭/૨૦૨૬ ના રોજ યોજાનાર જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ

સભ્યશ્રીનું નામ : શ્રીઅશ્વિનભાઈ પરસોતમભાઈ ભોરણીયા વોર્ડ નં. ૧૦

| પ્રશ્ન નં. | પેટા પ્રશ્ન નં. | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|---|
| ૧૫ | (૨) | નવા ભળેલા વિસ્તારમાં બગીચાનું શું આયોજન છે (વાવડી, કોઠારીયા, મોટામવા, મુંજકા, ઘંટેશ્વર, માધાપર) | • નવા ભળેલા વિસ્તારોમાં હયાત/બનાવવામાં આવેલ બગીચાઓની વિગત નીચે મુજબ<br>૧. વાવડી - વોર્ડ નં.૧૨ તપન હાઈટસ પાસે ટી.પી. સ્કીમ નં.૧૫ (વાવડી) એફ.પી. નં.૫૨/એફ માં ગાર્ડન<br>૨. કોઠારીયા - હાપલીયા પાર્ક પાસેનો ગાર્ડન તથા બાલક્રિડાંગણ<br>૩. મોટામવા - મોટામવા ટી.પી. સ્કીમ નં.૧૦ એફ.પી.૪૯/એ (ગ્રીન ફિલ્ડ ગાર્ડન)<br><br>• નવા ભળેલા વિસ્તારોમાં બગીચાઓના ચાલુ કામોની વિગત નીચે મુજબ છે.<br>૧. કોઠારીયા - કોઠારીયા ટી.પી. સ્કીમ નં.૧૨ એફ.પી.૩૯/ એ માં ગાર્ડન<br>૨. વાવડી - વાવડી ટી.પી. સ્કીમ ૧૫, એફ.પી. ૫૧/સી માં ગાર્ડન<br>૩. મુંજકા - મુંજકા ટી.પી. સ્કીમ નં.૧૭ એફ.પી. ૯૩ માં ગાર્ડન<br><br>• આ ઉપરાંત નવા ભળેલા વિસ્તારો વાવડી, કોઠારીયા, મોટામવા, મુંજકા, ઘંટેશ્વર તથા માધાપર વિસ્તારમાં ટી પી સ્કીમો સરકારશ્રી દ્વારા પ્રારંભિક મંજૂર થયે રાજકોટ મહાનગરપાલિકાને પ્લોટના કબ્જા મળ્યેથી તથા ફાયનલ ટી.પી. સ્કીમોમાં તબક્કાવાર રાજકોટના વિકાસને ધ્યાને લઈ જરૂરીયાત મુજબ બગીચા ડેવલપ કરવામાં આવશે. |

શાખા: ગાર્ડન શાખા

શાખાધિકારીની સહી:

શાખાધિકારીનું નામ: ડૉ. બી.આર. જાકાસણીયા

હોદ્દો: ડાયરેક્ટર (પી&જી)

રા.મ્યુ.કો./ટી.પી./ઈ.ઝો./જા.નં. : ૬૦૮ તા.૧૫/૦૭/૨૦૨૬

વિષય : તા.૨૦/૦૭/૨૦૨૬ના જનરલ બોર્ડમાં સભ્યશ્રી દ્વારા રજુ કરેલ પ્રશ્નનો જવાબ

સભ્યશ્રીનું નામ: શ્રી અશ્વિનભાઈ પરશોતમભાઈ ભોરણીયા વોર્ડ નં.૧૦

| પ્રશ્ન ક્રમ | પેટા પ્રશ્ન નં. | પ્રશ્નની વિગત | જવાબ |
|---|---|---|---|
| ૧૫ | ૩ | રાજકોટ મહાનગરમાં ટી.પી.સ્કીમમાં બગીચાના હેતુના પ્લોટ કેટલા છે. તથા બગીચા માટે કેટલા ડેવલપ કરેલા છે. અગાઉ કોઈ પ્લોટ બગીચાના હોય અને હેતુફેર કરેલ છે. તો કેટલા અને ક્યાં વિસ્તારમાં. | રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં મંજુર પ્રારંભિક તથા આખરી નગર રચના યોજનાઓ અંતર્ગત બગીચા હેતુના વેસ્ટ ઝોનમાં ૧૭૩ સેન્ટ્રલ ઝોનમાં ૫૩ તથા ઇસ્ટ ઝોનમાં ૨૪ મળી કુલ ૨૫૦ પ્લોટ પ્રાપ્ત થયેલ છે. જે પૈકી કુલ ૧૭૬ પ્લોટ બગીચા હેતુ માટે ડેવલોપ થયેલ છે.<br>ઉક્ત ૨૫૦ પ્લોટ પૈકી રૈયા વિસ્તારની નગર રચના યોજના નં.૧ (રૈયા) માં સમાવિષ્ટ બગીચા હેતુના આખરી ખંડ નં.૧૦૭૬ ના હેતુફેર બાબતે ગુજરાત ટાઉન પ્લાનિંગ એન્ડ અર્બન ડેવલોપમેન્ટ એક્ટ, ૧૯૭૬ ની કલમ-૭૧ હેઠળ યોજના વેરીડ થયેલ અને જે અન્વયે સરકારશ્રી દ્વારા નગર રચના યોજના નં.૧ (રૈયા)(દ્વિતીય ફેરફાર) તા.૯/૧૨/૨૦૨૪ ના રોજ પ્રારંભિક તથા તા.૩/૭/૨૦૨૫ ના રોજ આખરી મંજુર કરી, આખરી ખંડ નં.૧૦૭૬ ના હેતુ “બગીચા” માંથી “રહેણાંક હેતુ માટે વેચાણપાત્ર” તરીકે હેતુફેર કરવામાં આવેલ છે. |

શાખાધિકારીની સહી ..........................................

શાખાધિકારીનું નામ:- આર.ડી.પરમાર

શાખા :- ટાઉન પ્લાનીંગ શાખા

હોદ્દો :- ટાઉન પ્લાનીંગ ઓફિસર